૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૩,૯૯૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૨૦-૦૮-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઇન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૨૧-૦૮-૨૦૨૪ બુધવાર

અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૬૬,૨૨૪૮૬૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ શ્રાવણ વદ ૨ વર્ષ : ૨૮ અંક ૩૧૭

કોરોના પછી પહેલી વખતે અમરેલીના લોકમેળા બંધ રહયા હતા અને હવે નવા નિયમો આડે આવ્યા

અમરેલીમાં આ વખતે જન્માષ્ટમીના લોકમેળા નહી યોજાય

રાજકોટના બનાવ પછી નવા નિયમોની અમલવારી મુજબ લોકમેળામાં રાઇડસો લગાવવી મુશ્કેલ હોવાને કારણે સારહી અને લાયન્સના બન્ને મેળા નહી યોજાય

અમરેલી,(ફીલ્ડ રિપોર્ટર)કોરોના પછી પહેલીવખતઅમરેલીલોકમેળાથીવંચિત રહેશે કારણ કે, અમરેલીમાં આ વખતેપરંપરાગત યોજાતા જન્માષ્ટમીના લોકમેળા નહી યોજાય.રાજકોટના ગેમઝોનના બનાવ પછી જુના અને નવા નિયમોનીઅમલવારીમુજબલોકમેળામાં રાઇડસો લગાવવી મુશ્કેલ હોવાને કારણે કોઈ રાઇડસધારકો તૈયાર ન થતા સારહી અને લાયન્સના બન્ને મેળા નહી યોજાય તેમજાણવામળેલછે.આવખતેલોકમેળા ન થવાને કારણે તેની દુરોગામી અસર ભારતીય સંસ્કૃતિને થવાની દહેશત છે કારણ કે, આવા પ્રસંગોમાં પરિવાર એક સાથેનિકળતોહોયછેઅનેતેમાઆવખતે શની-રવી-સોમ રજા આવે છે સાથે સાથે મંદીનો માહોલ છે તેવા સમયે મેળા બંધ રહેવાની અનેક અસરો થવાની છે.

ભાવભીની શ્રધ્ધાંજલિ

બાબુ મોશાય... ज़िंदगी बडी होनी चाहीए लंबी नहीं !

માત્ર ઓગણત્રીસ વર્ષની જિંદગી લાંબી તો નહોતી પણ વિશાળ બહુ હતી,
અને એમાં પણ નોકરી મળ્યા પછીના પાંચેક વર્ષનો સમયગાળો,
હજારો લોકોના હૃદયનો સમ્રાટ હતો, હજારો પેન્શનરો માટે એ આધાર હતો,
એનો સ્ટાફ, સહકર્મચારી, મિત્ર વર્તુળમાં એ હર દીલ અઝીઝ હતો,
જ્યાં બધાના હાથ પાછા પડે - હાથ આંબે નહિ ત્યાં છેલ્લે એ કાઠી હતો - થઇ જશે !
એક જ મુલાકાતની યાદો રોવડાવી દે એ
માણસ કેવો હશે ? જિંદગી કેમ જીવાય એ શીખવું હોય તો
જયેશ ખાચરને મળવું પડે, પણ હવે ક્યાં મળવું ?
તમારી જેવું બની શકાય એવો પ્રયત્ન કરીશું બાપુ,
એજ કદાચ તમને સાચી શ્રધ્ધાંજલિ હશે !

સ્વ.જયેશભાઇ ભાભલુભાઇ ખાચર (ઉ.વ.૨૯)
અધિક જિલ્લા તિજોરી અધિકારી - અમરેલી
સ્વ.તા. ૧૭-૮-૨૦૨૪, ગામ : નિલવળા

લી.
જિલ્લા તિજોરી કચેરી - અમરેલી
તેમજ તમામ પેટા તિજોરી કચેરી
અને લોકલ ફંડ કચેરી - અમરેલી પરિવાર

પવિત્ર શ્રાવણી પર્વ નિમિતે ભુદેવોમાં જનોઇ બદલવાનું અનેરૂ મહત્વ

તથાસ્તુ વિદ્યાપીઠમાં સમુહ યજ્ઞોપવિત કાર્યક્રમ યોજાયો

લાઠીના કેરાળા નજીક તથાસ્તુ વિદ્યાપીઠમાં જાણીતા કથાકાર પૂજ્ય શ્રી જીજ્ઞેશદાદાની પ્રેરણા અને માર્ગદર્શન નીચે આસ્થાભેર યોજાયેલો કાર્યક્રમ

સામુહિક રીતે ભુદેવોએ જનોઇ બદલવા સાથે ઋષિકુમારોને બ્રહ્મ ભોજન કરાવાયું : ભુદેવોની વિરાટ ઉપસ્થિતીમાં ભવ્ય કાર્યક્રમ બિરદાવવા લાયક

અમરેલી, લાઠીના કેરાળા નજીક તથાસ્તુ વિદ્યાપીઠ દ્વારા કથાકાર શ્રી જીજ્ઞેશદાદાની પ્રેરણા અને માર્ગદર્શન નીચે ભુદેવો માટે સમુહ યજ્ઞોપવિત બદલવા કાર્યક્રમ યોજાયો હતો. બળેવનો તહેવાર એટલે ભુદેવો માટે મહત્વનું પર્વ આ દિવસે જનોઈ બદલવા માટે સમુહ યજ્ઞોપવિત તેમજ બ્રહ્મ ભોજન સહિતના કાર્યક્રમો યોજાતા હોય છે તે મુજબ જાણીતા કથાકાર પૂ.શ્રીજીજ્ઞેશદાદા (રાધેરાધે) દ્વારા ભવ્ય આયોજન થયુ હતુ. આ કાર્યક્રમમાં અનેક ભુદેવોએ ઉપસ્થિત રહી જનોઈ બદલી હતી અને બ્રહ્મ ભોજન કર્યું હતુ.

સમરસ હિન્દુ સમાજનું નિમાર્ણ વિહિપની અગ્રીમતા : દેવશીભાઈ રાવત

અમરેલીમાં વિશ્વ હિંદુ પરિષદ દ્વારા વિચાર ગોષ્ઠીનો કાર્યક્રમ યોજાયો

શ્રી ઇતેશભાઇ મહેતા, બકુલભાઇ ત્રિવેદી, વિજયભાઇ દેસાઇ સહિત આગેવાનોની ઉપસ્થિતી

અમરેલી, વિશ્વ હિન્દુ પરિષદ ના રાષ્ટ્રીય મંત્રી અને સમરસતા ના રાષ્ટ્રીય સંયોજક દેવજીભાઈ રાવત અમરેલી વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આયોજિત સષ્ટી પૂર્તિના સમાપનમાં મહર્ષિ અરવિંદ કેન્દ્ર ખાતે યોજાએલ વિચાર ગોષ્ઠીને સંબોધન કરતા જણાવેલ કે વર્તમાન સમયમાં સમરસહિન્દુ સમાજ નું નિર્માણ કરવું એ વિશ્વ હિન્દુ પરિષદનું કામછે.આમાટે કેન્દ્રથીલઈપ્રખ્ય સુધી પરિસદ નું સમરસતાઆયામ નીરચના થેયલ છે.આતકેવિશ્વહિન્દુપરિષદનાજિલ્લા અધ્યક્ષ ઈતેશભાઈ મહેતા એ વિશ્વ હિન્દુ પરિષદ ની ૬૦વર્ષ ની યાત્રા માં સંઘર્ષ , સંગઠન અને સેવા સંપર્ક થી હિન્દુ ની પોતાની સંસ્થા થી બની છે તેમ જનાવેલ આ પ્રસંગે એડવોકેટ બકુલભાઈ ત્રિવેદી, જીજ્ઞેશદાદ૬ા , વિશ્વ હિન્દુ પરિષદ ના સૌરાષ્ટ્ર પ્રાંત સહ મંત્રી રસિકભાઈ કનઝરિયાજિલ્લા ઉપાધ્યક્ષ વિજય ભાઈ દેસાઈ, રશ્મિન ભાઈ ત્રિવેદી જીલ્લા સહ મંત્રી ધર્મેશ ભાઈ ગોંડલીયા,વિપુલ ભાઈ દવે, જિલ્લા પદાધિકારી ડો.પંકજ ભાઈ ત્રિવેદી, દિલીપસિંહ પરમાર, રમેશ ભાઈ જાદવ બજરંગ દળ જિલ્લા સયોજક વિદુર ડાબસરા,મહિલા અગ્રણી ભાવના બેન ગોંડલીયા, રશ્મિન બેન પરમાર, જ્યાબા રાઠોડ વગર ખાસ હાજર રહેલ.

કાર્યક્રમ નું સંચાલન શહેર મંત્રી સંજય પંડ્યા અને અન્ય આભાર વિધિ શહેર વિહિપપ્રમુખપ્રતાપસિંહ રાઠોડે કરેલ કાર્યક્રમ ને સફળ બનાવવા શહેર ઉપાધ્યક્ષ અશોક ભાઈ તનવાણી, મહેશભાઈ જાળું,ચિરાગ ચાદરાણી, બજરંગ દળ સયોજક મહાવીર વિછીયાં , જીતુ ભાઈ બથવાર,કરણ વાઝા,જયેશ જોશી,મુકેશ ભક્ટી વગર જહેમત ઉઠાવી હતી.

અમરેલી ફોરમ સ્કુલમાં સ્વાતંત્ર્ય દિન ઉજવાયો

શાળામાં અશ્વમેધ ગૃપના પ્રમુખ શ્રી રવીભાઇ શેખવાના હસ્તે ધ્વજવંદન કરાયું

અમરેલી, ફોરમસ્કૂલમાંઆજેસ્વાતંત્ર દિન નિમિત્તે ઉજવણી કરવામાં આવી હતી.જેમાં અશ્વમે ગ્રુપના પ્રમુખ શ્રી રવિભાઈ શેખવા ધ્વજ વંદન કરી અને બાળકોને સ્વતંત્રતા દિન નિમિત્તે રાષ્ટ્રભક્તિ સૌથી મહાન છે તેવી પ્રેરણા મળે તે માટે પ્રાસંગિક પ્રવચન આપ્યું સમગ્ર કાર્યક્રમ ને સફળ બનાવવા ખુશ ગોહિલ અલ્પાબેન તથા સમગ્ર સ્ટાફે વિદ્યાર્થીઓ અને વાલીઓએ ખૂબ જ મહેનત કરી હતી.

અમરેલી સહજ હોલમાં ત્રી દિવસીય સેવા શીબીર યોજાશે

વૈદ્ય ઉદયભાઈ દવે અને તેમની ટીમ ડાયાબીટીસ અને કીડનીના રોગો વિશે માર્ગદર્શન અપાશે

અમરેલી, અમરેલી ચકકરગઢ રોડ ઉપર આવેલ સહજ હોલમાં આગામી તા.૨૩,૨૪,૨૫ઓગસ્ટનાસવારના ૮:૩૦ થી ૧૧ સુધી વૈદ્ય ઉદયભાઈ દવે અને તેમની ટીમ દ્વારા તદન નિઃશુલ્ક સેવા શીબીરમાં મર્યાદિત સંખ્યામાં ડાયાબીટીસ અને કીડનીના રોગો પર વિજય મેળવવા ઈચ્છતા લોકો માટે ત્રણ દિવસીય શીબીરનું આયોજન કરવામાં આવેલ છે. ફકત રોગ સામે જીદ કરી શકે તેવા લોકો જ લેવામાં આવશે.આહાર-વિહાર - મનોવ્યાપર -આયુર્વેદ પર રહેશે.વહેલા તે પહેલાના ધોરણે અપોઈમેન્ટ લખાવવી ફરજીયાત છે. મો.૮૧૬૦૪ ૭૧૯૯૯ નો સંપર્ક સાધવો.

અમરેલી અંધશાળામાં રક્ષાબંધન કાર્યક્રમ યોજાયો

અમરેલી, લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી) દ્વારા અંધજન તાલીમ કેન્દ્ર (અંધશાળા)માંપ્રજ્ઞાચક્ષુ ભાઈઓનેઆજના શ્રાવણી પૂર્ણિમાના પવિત્ર પર્વ રક્ષાબંધન નિમિત્તે રક્ષા અર્પણ કરવાનો એક કાર્યક્રમ આયોજીત કરવામાં આવેલ હતો.લાયન્સ ક્લબ ઓફ અમરેલી (સીટી)ના બહેનોએ ભક્તિપ્રધાન ભાઈ પવિત્ર રક્ષાબંધન ઉત્સવે રક્ષા અર્પણ કરી પ્રસંગનું મહત્વ સમજાવેલ અને પ્રજ્ઞાચક્ષુ ભાઈઓની સુખ, શાંતિ અને દીર્ઘાયુષ્ય માટે પ્રાર્થના કરી હતી. આ કાર્યક્રમમાં લાયન લેડીઝરેખાબેનએમ.પટેલ, ભારતીબેન એમ. પટેલ, મીનુબેન કે.શિરોયા, યામીનીબેનએસંપટ, ફરીદાબેન આફિકાવાલા, ભાવિકાબેન એ. ડોડીયા, હિરલબેન કાયરોટીયા ઉપસ્થિત રહ્યા હતા.

જુના વાઘણીયામાં રક્ષાબંધન પર્વની ઉજવણી

જુના વાઘણીયા, (મગનભાઈ સરવૈયા) જુના વાઘણીયા એક બહેનનીપ્રાર્થના કે સર્વેદિશાએ એના ભાઈનું કલ્યાણ થાઓ એ આસને , સુતરનાતાતણામાંપરોવીનેભાઈનાજમણા હાથે રાખડી સ્વરૂપે બાંધે છે.અને ભાઈ પણ એવાજ સ્નેહ સાથે બહેનને વચન આપેછે.હું સુખમાં તારું સ્મીત બનીશ , દુઃખમાં તારા આંસુલુછીશહરપળપ્રત્યક્ષઅનેપરોક્ષસ્વરૂપે તારી સંગ રહીશ. બહેન હું તારી રક્ષા કરીશ, તું મારી ભુલોને ક્ષમા આપજે.આવા જ પવિત્ર પ્રેમની સાક્ષી પુરતો તહેવાર એટલે રક્ષાબંધન.

બાબરાનાં ગમાપીપળીયામાં હળ ઉત્સવ ઉજવાયો

બાબરા, (દિપક કનૈયા) બાબરાના ગમાપીપળીયા ગામમાં પરંપરાગત દર વર્ષે ગ્રામજનો ભુદેવની સાક્ષીએ ભગવાન બલરામનો હળ ઉત્સવ ઉજવે છે. પવિત્ર શ્રાવણ માસમાં ભગવાન શ્રીકૃષ્ણના મોટાભાઈ અને ખેડૂતોનાઈસ્ટદેવબલરામભગવાનનુંસાધન હળ છે.અને તેની યાદગીરી અને આવતા વરસના વરસાદના વરતારા માટે આ ઉત્સવ ઉજવાયછે.

ધરાઇ ભીડભંજન મહાદેવ મંદિરે જન મેદની ઉમટી પડી

સંધ્યા આરતી, મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાયા

બાબરા, (દિપક કનૈયા) અમરેલી જિલ્લાના બાબરાના ધરાઈ ગામમાં બિરાજમાન શ્રી ભીડભંજન મહાદેવના મંદિરે શ્રાવણ માસના ત્રીજા સોમવારે ઉમટ્યું માનવ મેહરામણ.બાબરાના ધરાઈ માં બિરાજમાન શ્રી ભીડભંજન મહાદેવના મંદિર ખાતે પવિત્ર શ્રાવણ માસના ત્રીજા સોમવારે હર હર મહાદેવ ના નાદ સાથે સંધ્યા આરતી સમયે ઉમટ્યું ભક્તજનો નું ઘોડાપુર સાથે સર્વે ભકતો એ આરતી અને મહાપ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી.

લેન્ડ ગ્રોબિંગ કરી સરકારી જમીન ઉપર કરાયેલ દબાણ દૂર કરતું સરકારી તંત્ર

બગસરાના માણેકવાડામાં મામલદાર દ્વારા ડીમોલેશન કરાયું

બગસરા મામલદાર તેમજ પોલિસને સાથે રાખીને ડીમોલેશન હાથ ધરાયું

બગસરા, (સમીર વિરાણી) બગસરાના માણેકવાડા ગામમાં લેન્ડ ગ્રોબીંગ અંતર્ગત કરેલી કાર્યવાહીમાં સરકારી જમીનમાં દબાણ કરવામાં આવેલ હોવાથી આ જગ્યા સરકારી જમીન હોવાની જાહેર રસ્તો ખુલ્લો કરવા માટે અરજી ૨૦૨૪ માં કરેલી હોવાના પગલે કલેક્ટર દ્વારા આ જમીન ઉપર જે કાંઈ દબાણ કરેલ હોયતે ૧૫/૮/૨૦૨૪ સુધીમાં દૂર કરવા આદેશ કરવામાં આવેલ હતો.જેના અનુસંધાને અરજદાર અજયભાઈ જે-નીભાઈ પટોળિયા દ્વારા સ્વાગત કાર્યક્રમમાં આ અરજી મુકેલી હોવાથી આજે અમરેલી કલેકટરની સૂચનાથી મામલદાર તેમજ પોલીસ સ્ટાફ તેમજ સરકારી તંત્રને સાથે રાખી માણેકવાડા ગામમાં દબાણ કરેલી જગ્યામાં ડીમોલેશન કરવામાં આવ્યું હતું. જોકે આ બાબતે સામા પક્ષે અરવિંદભાઈ વાલજીભાઈ પટોળિયા જાહેર રસ્તા ઉપર મકાન બનાવી લીધેલું હોવાથી તે જાહેર રસ્તા ને ખુલ્લો કરવા અરજી કરવામાં આવેલી હતી જેના અનુસંધાને ડી આઈ એલ આર અમરેલી દ્વારા ૨૦૨૨ માં વિવાદિત સ્થળ ની માપણી કરવામાં આવેલી હતી જે દબાણ કરેલું હોવાનું સાબિત પણ કરેલું હતું. જેથી અરજદાર દ્વારા ૭ નોટીશ આપવા છતાં બિન અધિકૃત દબાણ દૂર કરવામાં ના આવતું હોવાથી મામલદાર તેમજ તાલુકા વિકાસ અધિકારીની હાજરીમાં આ જાહેર રસ્તા ને ખુલ્લો કરવા માટે દબાણ કરેલ જગ્યા ખાલી કરવામાંઆવેલ હતી. મામલતદાર તથા પોલીસ દ્વારા કલેકટરના આદેશને પગલે માણેકવાડામાં ગેરકાયદેસર બાંધકામને તોડી પાડવામાં આવ્યું હતું.

અમરેલી નિત્યમ વિદ્યા સંકુલનો શાળાકીય બેન્ડમિન્ટન સ્પર્ધામાં જીલ્લાભરમાં દબદબો

જીલ્લામાં ત્રણ વિદ્યાર્થીએ ટોપ -૩ માં સ્થાન મેળવ્યું : રાજય કક્ષાએ જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે

અમરેલી, અમરેલી વિદ્યાસભા સ્કુલ ખાતે તાજેતરમાંયોજાયેલ જીલ્લા કક્ષાની એસ.જી.એફ.આઈ. શાળાકીય બેડમિન્ટન સ્પર્ધામાંનિત્યમવિદ્યાસંકુલના વિદ્યાર્થીઓએ ટોપ -૩ માં સ્થાન મેળવી જીલ્લા ચેમ્પિયનશીપ મેળવવામાં સફળ રહયા છે. જેમાં અન્ડર -૧૯ પ્રથમ સાવલીયા રેણુ ,અન્ડર ૧૯ માં પ્રથમ રાડોલા ખુશી ,અન્ડર ૧૭ મા દ્વિતિય રાખોલીયા મીત અને તૃતીય કટેશીયા દર્શના ,અંડર -૧૯ માં ગજેરા હર્ષિલ રહયા હતા.સંસ્થાના ફાઉન્ડર ચેરમેન હસમુખ પટેલ તથા કોચ હાર્દિકભાઈ ત્રિવેદીએ ટ્રસ્ટી હરેશભાઈ દેસાઈ, જી૦નેશભાઈ ક્યાડા, પ્રવિણભાઈ વશરા, ભાવેશભાઈ ગજેરા, મગનભાઈ વસોયાએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

જુનાગઢમાં પોલિસે જુગાર રમતા સાત શખ્સોને ઝડપી પાડયા

જુનાગઢ, (હિતેશ પારેખ)જુનાગઢ વાળંદ સોસાયટીમાં જાહેરમાં જુગાર રમતા ઉત્સવગીરી બળદેવગીરી ગીસ્વામી હિતેશ ભીખાભાઈ ચુડાસા , નેમિષ અમીતભાઈ ચુડાસા, મિલન ઉર્ફે કાનો , ધર્મેન્દ્રભાઈ વાઢા , ધ્રુવ નરેન્દ્રભાઈ ચુડાસમા, જય કમલેશભાઈ રાજપુત , ધર્મેશ સંજયભાઈ જોશીને એ ડિવિઝન પી.આઈ. બી.બી. કોળીની સુચનાથી ગુના નિવારણ સ્કોડના પી.એસ.આઈ. આર.જે. વાઢા અને પોલિસ સ્ટાફે રોકડ રૂ/.૨૨,૮૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી પાડયા હતા.

આંખોને ખુબ જ લાભકારી આયુર્વેદિક ટીપા

કે જેનાથી ચશ્મા, મોતિયો, વેલ, છારી વગેરેમાં તત્કાલ રાહત મળે છે. તેવા આ ટીપાનો દરેક વિસ્તારમાં લોકોને લાભ મળે તે માટે ઘેર - ઘેર જઇ ટીપા આંજી આપે તેવા

ભાઇઓ - બહેનોની જરૂર છે

પગાર કલાકના રૂા.૭૦ + ૩૦ રૂા. કમીશન

લી.વિનુભાઇ છાશવાળા મુ.અમરેલી

મો.૯૪૨૭૪ ૨૯૨૬૧, ૯૬૬૪૬ ૮૯૮૬૬

દુકાન વેચવાની છે

અમરેલી મેઇન બજાર, ટાવર રોડ પર વલીહાજીની બજારમાં કોઇપણ ધંધાને અનુકુળ દુકાન ૧૪ X ૨૦ ની સાઇઝની દુકાન તાત્કાલીક વેચવાની છે

સંપર્ક : મો.૮૧૪૧૪ ૪૦૪૦૬

ભવાની ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

A/C તથા NON A/C ગાડી ભાડે મેળવવા માટે વ્યાજબી ભાવમાં બ્રાન્ડ ન્યુ મારૂતી અર્ટીગા (૭ સીટર) મારૂતી સ્વીફ્ટ ડીઝાયર (૪ સીટર)

સંપર્ક :- ખોડાભાઇ મો.૯૮૨૫૪ ૯૦૫૭૦ લાલભાઇ મો.૯૯૨૪૯ ૯૦૫૭૦

અમરેલીનું ગૌરવ **હોટલ રોયલ ફોરચ્યુન**

રૂમ્સ એન્ડ કોફીબાર

A/C રૂમ એન્ડ નોન A/C રૂમ

મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં

કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી

સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

PASIAG Easy to Cruise

દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો

મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

જગ્યા વેચાણથી આપવાની છે

બેંક, હોસ્પિટલ, શો-રૂમ લાયક જગ્યા પહેલો માળ ''અવલકુંજ'' કોમ્પલેક્ષ જુની કેનેરા બેંકવાળી જગ્યા

સ્થળ : લીલીયા રોડ, પટેલવાડીની સામે, અમરેલી

રસ ધરાવતા વ્યક્તિઓ નીચેના નંબર પર સંપર્ક કરો

મો.૯૯૨૫૨ ૨૬૬૩૮, ૬૩૫૩૬ ૪૨૪૯૭

જય માતાજી પેસ્ટ કંટ્રોલ સર્વિસ

નિયંત્રણ **ઉધઈ**

૬૬ ઈમ્પોર્ટેડ કેમીકલથી ગેરંટી સાથે ઉધઈ ટ્રીટમેન્ટ - હાઈટેક પેસ્ટ કંટ્રોલ સર્વિસ

ઉધઈ-મકડ-પાંદા વગેરે દવા છાંટી આપીશું

અજયભાઈ : ૬૩૫૪૮૬૩૫૦૪ / ૬૩૫૪૯૮૪૨૬૧

ટ્રેઝરી ઓફિસર શ્રી જયેશભાઇ ખાચરનાં નિધનથી જિલ્લાભરનાં કર્મચારી આલમ સહિતમાં ઘેરો શોક વ્યાપી ગયો

અમરેલીમાં આજે શ્રી ખાચરને શ્રધ્ધાસુમન અર્પણ કરાશે

સ્વ.જયેશભાઇ ખાચરને શ્રધ્ધાંજલી આપવા યોજનાર શોકસભા સાથે રક્તદાન કેમ્પ સહિત આયોજન : રક્તદાન કેમ્પમાં રક્તદાતાઓ ઉમટશે

અમરેલીમાં આજે રક્તદાન માટે વધુમાં વધુ નાગરિકોને સહભાગી થવા શ્રી જયેશભાઈ ખાચરનાં મિત્રમંડળ અને પરિવાર દ્વારા અનુરોધ કરાયો

અમરેલી,

અમરેલી જિલ્લા તિજોરી કચેરી ખાતે અધિક જિલ્લા તિજોરી અધિકારીતરીકેફરજબજાવતાહતાતેવા શ્રી જયેશભાઈ બી. ખાચરનું આકસ્મિક મૃત્યુ થયું તિજોરી કચેરીની કામગીરી ઉમદા રીતે પાર પાડવાનો હકારાત્મક અભિગમ અને માનવ સેવા માટે થઈ શકે તે તમામ બાબતો માટે આગળ વધવા સતત પ્રયત્નશીલ રહેવાનું વલણ ધરાવતા હતા તેવા શ્રી ખાચરને તેમના પરોપકારી સ્વભાવ મુજબ શ્રધ્ધાંજલિ આપવાનું આયોજન છે.

હનુમાન પરા અમરેલી સ્થિત કાઠી ક્ષત્રિય સમાજ વાડી ખાતે તા.૨૧ ઓગસ્ટ, બુધવારના રોજ બપોરે ૩.૦૦ થી સાંજે ૭.૦૦ સુધી શોક સભા છે, તે સાથે રક્ત દાન કેમ્પ યોજાશે. શ્રી જયેશ ખાચરને ખરાં અર્થમાં શ્રદ્ધાંજલિ અર્પી શકાય તે માટે રક્ત દાન થાય તે માટે અમરેલીજિલ્લાના વધુમાં વધુ નાગરિકોને સહભાગી થવા શ્રી જયેશભાઈ ખાચર મિત્રમંડળ અને પરિવાર દ્વારા અનુરોધ છે.

અમરેલીમાં ધંધા માટે ઉછીના આપેલ તે ચેક રિટર્ન થતા સાદી કેદની સજા

ચેક મુજબની રકમ ૧,૮૫,૦૦૦ ત્રીસ દિવસમાં ચુકવી આપવા હુકમ કરાયો

અમરેલી/અમરેલીનાં મે. નામદાર એડીશ્નલ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ જજ શ્રી કે. બી. પરમાર સમક્ષના ફરીયાદ કેસનંબર:૯૭૯૯/૧૬ હુકમ કરમાવેલ છે કે આ ફરીયાદ કેસના ફરીયાદી વિપુલભાઈ બાલધા રહે.અમરેલીનાએતેમના મિત્ર અને આરોપી વિમલભુપતભાઈ ઓડિયા રહે.ઈન્દ્રવીરાયને સને-ઓગષ્ટ-૧૫ માં તેના ધંધાનાવિકાસમાટેફુલ રકમરૂા.૩,૭૦,૦૦૦/-પુરા હાથ છોડીનાઆપેલહતા. હાથઉછીની રકમ આરોપી પાસે પરત માંગતા તે હાથ ઉછીની રકમ પરત ચુકવી આપવા માટે જુદા જુદા બે ચેકો લખી આપી જણાવેલ કે આ ચેકો બેંકમાં જમા કર્યે પાસ થઈ જશે તેવો વિશ્વાસ અનેબરોસોઆપીચેકોલખીનાઆપેલહોયજેથી આ કામના ફરીયાદીએ તે બંને ચેકો પૈકી ના રોજનો લખી આપેલ ચેક ફરીયાદીના બેંકમાં પાસ થવા જમા કરાવતા આરોપીના બેંક ખાતામાંપુરતી રકમ જમા ન હોવાના કારણે ચેક પરત ફરતા આ આરોપીને વકીલશ્રી દવારા નોટીસ આપેલ તેમ છતા આરોપીએ હાથ ઉછીની રકમ પરત આપેલ નહી ત્યાર બાદઆ કામનાફરીયાદીએઉપરોક્તફરીયાદ નંબર મુજબ નામદાર ફરીયાદ દાખલ કરેલ કે કેસના પક્ષકારોને પુરતી રજુઆતોની તકો આપેલ અને બંને પક્ષકારોના વકીલશ્રીઓની તમામ રજુઆતો સાંભળ્યા બાદ ફરીયાદી તરફના વકીલશ્રીજે. કે. સેજલીયા રજુઆતોને નામદાર કોર્ટ દવારા ધ્યાને લઈ તેમજ આ કામના આરોપીએ લખી આપેલ ચેક કાયદેસર ના લેણા પેટે જ લખી આપેલ છે તેવુ ફરીયાદીદવારાપુરવાર આવેલછેએવીતમામ હકીકતો સાબીત કરવામાંઆવેલછે તેસમગ્ર હકીકત ધ્યાને લઈ આ કામના આરોપીને નામદાર કોર્ટેતકસીરવાનઠરવીઈ.પ્રો.કોડની કલમ-૨૫૫(૨) અન્વયે વર્ષની સાદી કેદની સજા કરેલ છે તેમજ ચેક મુજબની રકમ રૂા.૧,૮૫,૦૦૦/- પુરા દિન-૩૦ માં ફરીયાદીનેચુકવી આપવાહુકમ કરેલછેઅને જો આરોપી આ ચુકવવામાંક્સુર કરે તો વધુ ચાર માસની સજા ભોગવવાનો હુકમ ફરમાવેલછે.

અમરેલી સંકુલની પાંચ વિદ્યાર્થીનીઓએ સૌરાષ્ટ્ર યુનિ. જુડો સ્પર્ધામાં ગૌરવ વધાર્યુ

અમરેલી,સૌરાષ્ટ્રયુનિવર્સિટી જુડોસ્પર્ધામાં શૈક્ષણિકવર્ષ૨૦૨૪-૨૫માંઅમરેલીલેઉવા પટેલ સંકુલની પાંચ વિદ્યાર્થીનીઓએપ્રથમ, દ્વિતીય અને તૃતીય સ્થાન પ્રાપ્ત કરી સંકુલનું ગૌરવ વધારતા સંકુલ પરિવાર તરફથી તેમને ભિરદાવેલ છે. જેમાં પ્રથમ ચૌહાણ કૃપા પી. વેઈટ કેજી૭૮, ચૌહાણ દ્રષ્ટિ પી. દ્વિતીય વેઈટ કેજી ૫૩, રાઘનપરા શ્રધ્ધા એસ. દ્વિતીય, વેઈટ કેજી ૭૮, ખુંટ પ્રાર્થના આર., તૃતિય, વેઈટ કેજી૫૨, બોરડ અર્પિતા ડી, તૃતિય વેઈટ કેજી ૭૦ માં સ્થાન પ્રાપ્ત કરી સંકુલનું ગૌરવ વધાર્યું છે.

કુંડલા બ્રાન્ચ શાળા નં.૫ ખાતે રક્ષાબંધનની ઉજવણી

સાવરકુંડલા,

ભાઈ-બહેનના પવિત્ર સ્નેહના પ્રતિકસમાનપર્વરક્ષાબંધનનીશ્રીસાવરકુંડલા બ્રાન્ચ શાળા નં.૫ ખાતે હર્ષભેર ઉજવણી કરાઈ હતી. જેમા શાળાની વિદ્યાર્થીની બહેનોએવિદ્યાર્થીઓભાઈઓનેરાખડીબાંધી ભાઈઓના સ્વસ્થ અને સુખી જીવન માટે ભગવાન ને પ્રાથના કરી હતી .શાળાના આચાર્ય શ્રીએ સમગ્ર કાર્યક્રમને શુભકામનાઓ પાઠવેલ.શાળાના સ્ટાફ પરીવાર દ્વારા વિદ્યાર્થીઓને આ પાવન પર્વના મહત્વ વિશે માહિતગાર કરવામા આવેલ.

અમરેલી શહેર કોંગ્રેસ સમિતિ દવારા

ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વ.રાજીવ ગાંધીના જન્મ દિવસને સદભાવના દિવસ તરીકે ઉજવવામાં આવ્યો

અમરેલી શહેરના લોકોની મદદ માટે એક હેલ્પલાઇન મોબાઈલ નંબર સાથે લોન્ચ કરાઇ

અમરેલી,

અમરેલી શહેર કોંગ્રેસ સમિતિ દવારા ભારત ના પૂર્વ વડાપ્રધાન સ્વ ગાંધીજી નીજન્મજયંતિ નિમિત્તે અમરેલીજિલ્લા કોંગ્રેસ કાર્યાલય જુના માર્કેટિંગ યાર્ડ અમરેલી ખાતે રાજીવ ગાંધીજી નીપ્રતિમાનેપુષ્પાજલીઅર્પણ કરવામાં આવી તેમજ સદભાવના દિવસની ઉજવણી કરવામાંઆવી સાથોસાથ અમરેલી જિલ્લા નગરપાલિકા વિસ્તારમાં માં લોકો ની સમસ્યાઓઅનેલોકોનાપ્રશ્નો ને વાચા આપવા આ મોબાઈલ નમ્બર ૯૭૨૬૪૧૪૦૧૪ હેલ્પલાઈન લોન્ચ કરવામાં આવી હતી. આ પ્રસંગે અમરેલી જીલ્લા કોંગ્રેસ ના ઉપપ્રમુખ ટીકૂભાઈ વરુ અમરેલી તાલુકા કોંગ્રેસ સમિતિનાપ્રમુખમનીષભાઈ ભંરેરી અમરેલી શહેર કોંગ્રેસ સમિતિ ના પ્રમુખએડવોકેટ સંદીપ પંડ્યા અમરેલી જિલ્લા મહામંત્રી જગદીશભાઈ તળાવીયાં જગદીશ પાનસૂરિયા નારણભાઈ મકવાણા વસંતભાઈ કાબરીયા. અમરેલી જિલ્લા કોંગ્રેસ ઓબીસી સેલ ના પ્રમુખ ગોહિલ પ્રદેશ કોંગ્રેસ ના ડેલીગેટ મુજફર હુસેન સૈયદ, અમરેલી શહેર કોંગ્રેસ સમિતિ ના મહામંત્રી એમ. એ. કુરેશી . પ્રહલાદ સોલંકી સહિત ના હોદેદારો ઉપસ્થિત રહ્યા હતા તેવી અમરેલી જિલ્લા કોંગ્રેસ ના કાર્યાલય મંત્રી જમાલ મોગલ ની એક અખબારી યાદી જણાવે છે.

રાજુલા બ્લડ ડોનેશન - સર્વરોગ નિદાન કેમ્પ યોજાયો

કેમ્પમાં જુદા જુદા નિષ્ણાંત ડોક્ટરોએ આપેલી સેવા : રક્તદાતાઓ ઉમટયા

રાજુલા, (જયદેવ વડ)

અમરેલી જિલ્લા ભાજપ સોશિયલ મીડિયા કન્વીનર અને રાજુલા ખાંભા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ ના ડાયરેકટર સાગર સરવૈયા ના જન્મદિવસનિમિત્તે નિદાન કેમ્પ તેમજ બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો જન્મદિવસદરકેકલોકો અનોખી રીતે ઉજવતા હોય છે ત્યારે આવા જ એક રાજુલાના સેવાભાવી અને અડધી રાતનો હોંકારો કહેવાતા એવા અમરેલી જિલ્લા ભાજપ સોશિયલ મીડિયાના કન્વીનર અને રાજુલા ખાંભા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ ના ડાયરેકટર સાગર સરવૈયા ના જન્મદિવસ નિમિત્તે શ્રી બાપા સીતારામ સેવા સમિતિ તેમજ મિત્રો આયોજિત સર્વરોગ નિદાન કેમ્પ તેમજ બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો જેમાં રાજુલા શહેર ની મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ સમર્પણ હોસ્પિટલ રાજુલાના અનુભવી ડોક્ટરો દ્વારા આ કેમ્પમાં દર્દીઓ ને સારવાર આપવામાં આવેલી સાથે સાથે મહુવા નવકાર બ્લડ બેન્ક દ્વારા પણ પોતાની સેવા આપવામાં આવેલી ત્યારે આ કાર્યક્રમ પ્રસંગે રાજુલા શહેર ના અનેક વિવિધ અગ્રણીઓ સામાજિક કાર્યકરો વેપારી વિવિધ સંસ્થાના આગેવાનો સહિત અનેક લોકોહાજર રહેલા આ નિદાન કેમ્પમાં ૧૧૦ થી પણ વધુ દર્દીઓએ આ સેવાનો લાભ લીધેલો તેમજ આ કેમ્પમાં કુલ ૪૯ બોટલ બ્લડએકત્રિત થયેલું તમામ દર્દીઓને નિદાન કરીને સ્થળ પર જ દવાં ૫૦% ભાવે આપવામાંઆવેલ કાર્યક્રમના અંતમાં સાગર સરવૈયા દારા તમામ લોકોનો આભાર વ્યકત કરવામાં આવેલ.

જુના વાઘણીયામાં શિવ મંદિરે પ્રાગટ્ય દિન ઉજવાયો

જુના વાઘણીયા, (મગનભાઈ સરવૈયા)જુના વાઘણીયા ભીડ ભજન મહાદેવ મંદિરે પ્રાગટ્ય દિનની ઉજવણી જુના વાઘણીયા જુના વાઘણીયા શ્રી ભીડભંજન મહાદેવ ના મંદિરે દર વષેની જેમ આ વષે પણ પ્રવિત્ર શ્રાવણવદ-૪-ને શુકવાર તા.૨૩/૮/૨૦૨૪ ના રોજ ભવ્ય લોક મેળાનુ આયોજન કરવામા આવે છે.આ આયોજન ભીડભંજન મહાદેવ મંદિર ના મંહત શ્રી રમેશ પરી ગોસ્વામી તરફથી દાદા,ને અભીસેક,આરતી,તેમજ દાદાને દિપમાળા,પુજા,અંગે અનેરૂ આયોજન કરવામા આવેછે.

રાજુલા કોર્ટમાં ફુલ રૂ. ૧૨. ૬૩ લાખનાં અલગ અલગ ચાર ચેક રિટર્ન કેસોમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

રાજુલા, અલગ અલગ ૪ ચેક રિટર્ન કેસોમાં રાજુલા કોર્ટમાંથી આરોપીનો નિર્દોષ છુટકારો થયો છે. કેસ વિગતે જાઈએ તો વર્ષ૨૦૧૬ માં રાજ માર્કેટિંગ પેઢીમાં ફરિયાદી અને આરોપીઓ ભાગીદાર હતા જેથી ફરિયાદી ડ્રો નાં ઈનામો પેટે રૂ. ૪૩૧૦૦૦/- તથા રૂ. ૪૦૦૦૦૦/- તથા રૂ. ૧,૦૫,૦૦૦/- તથા રૂ. ૩,૨૭,૦૦૦/- આમ કુલ રૂ. ૧૨,૬૩,૦૦૦/-નીરકમ અલગઅલગ ચાર ચેક થી વસુલવા માટે આરોપીઓનાં ચેકો બેંકમાંજમા કરાવતા. જે ચેકો બાઉન્સ થતા ફરિયાદીએ રાજુલા કોર્ટમાં નેગો. એકટ ૧૩૮ તથા ૧૪૨ મુજબ કેસ કર્યો હતો. જેનાં પક્ષમાં આરોપીએ બચાવ રજૂ કરતા જણાવ્યું હતું કે કોરા ચેકનો દુરઉપયોગ કરવામાં આવ્યો છે. તથા આવી કોઈ રકમ વસુલાત કરવા માટે ફરીયાદીહકકદાર નથી જે કેસ ચાલી જતા અને બચાવપક્ષના વકીલની ધારદાર દલીલોને ધ્યાનમાં લઈ અને ફરિયાદી આ નાણાં વસુલવા હકકદાર છે કે નહીંતે ખુલાસો ન કરી શકતા અને પોતાનાં આરોપસાબિત નહિ કરી શકતા નામદાર કોર્ટ દ્વારા આરોપી રાજ માર્કેટિંગ નાં આરોપીઓને નિર્દોષ ઠરાવી આપી છોડી મુકવાહુકમ કર્યોહતો. બચાવપક્ષે વકીલ ભાવેશ આર. સિંઘવ તથા અજય બી. શિયાળ રોકાયેલા હતા.

હાસ્ય કલાકાર શ્રી જગદિશ ત્રીવેદી દ્વારા ૪૧ લાખનું દાન

સિનીયર સીટીઝન શીકાગો દ્વારા કાર્યક્રમની આવક અમદાવાદની સ્કુલને આપી

અમરેલી, ભારતીય સિનિયર સિટિઝન ઓફ શિકાગો નામની સંસ્થા દ્વારા તા.૧૮/૦૮/૨૦૨૪ રવિવારે સાંજે રાણા-રેગન બેન્કવેટ હોલમાં જગદીશ ત્રિવેદીના કાર્યક્રમનું ભવ્ય આયોજન થયું હતું.આ સંસ્થાના પ્રમુખહરીભાઈ પટેલ દ્વારા જણાવવામાં આવ્યુ હતું કે અમદાવાદ જીવરાજ પાર્કમાં આવેલી મુક-બધિર બાળકોની સંસ્થા ઉમંગ સ્કૂલનાં લાભાર્થે યોજેલા આ કાર્યક્રમમાં આશરે એક હજાર જેટલાં વડીલો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં જગદીશ ત્રિવેદીની હૃદયસ્પર્શી વિનંતીથી માત્ર અડધા કલાકમાં પચાસ હજાર અમેરીકન ડોલર એટલે કે ભારતનાં ૪૧,૦૦,૦૦/- એકતાલીસ લાખ રુપિયાનું દાન એકત્ર થયું હતું જે અમદાવાદની ઉમંગ સ્કુલને મોકલી આપવામાં આવશે.શિકાગોની આ સંસ્થાના અન્ય કાર્યકર્તા શ્રી નવીનભાઈ ઘોળકીયા અનેમદારસંગચાવડાએઆ કાર્યક્રમનેસફળ બનાવવામાટેખૂબજહેમતઉઠાવીહતી.ઉમંગ મૂક-બધિર બાળકોની સંસ્થાનાં ચેરમેન પી.કે.લહેરી તેમજ ફાઉન્ડર ટ્રસ્ટી ડો. નંદલાલ માનસેતાએ જગદીશ ત્રિવેદી તેમજ ભારતીય સિનિયર સિટિઝન ઓફ શિકાગો સંસ્થાનો ખાસ આભાર માન્યો હતો.

ઈસ્માઈલી સિવિક ઇન્ડિયા દ્વારા

બગસરામાં સ્વતંત્રતા દિવસ નિમિતે રક્તદાન કેમ્પ યોજાયો

ગુજરાત સરકારનાં કેબિનેટ મંત્રીશ્રી બાવળિયાએ દિપ પ્રાગટય કર્યુ

બગસરા, (રૂપેશ રૂપારેલિયા)

બગસરા માંઈસ્માઈલીસીવિક ઈન્ડિયા તેમજ ખોજા સમાજ દ્વારા ૦૮માં પ્રજાસત્તાકદિન નીવિશેષઉજવણી કરવા માટે ભવ્યરક્તદાન કેમ્પ નુંઆયોજનતા. ૧૫/૦૮/૨૦૨૪ ના રોજ કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ માં દિપ પ્રાગટય ગુજરાત રાજ્ય સરકાર શ્રી ના કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા ના વરદ હસ્તે કરવામાં આવ્યું હતુ આ બ્લડ ડોનેશન નો મુખ્ય ઉદ્દેશ માનવ જાંદગીના દીપ બુજતા અટકાવવા અને દેશ ભાવના પ્રગટાવવા નો હતો આ કાર્યક્રમ માં ગુજરાત રાજ્ય સરકાર શ્રી ના કેબિનેટ મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયા, ધારી બગસરા ના ધારાસભ્ય જે વી કાકડિયા બગસરા પ્રાંત અધિકારી નંદા બગસરા મામલતદાર ઝાલા મેડમ બગસરા પોલીસ સ્ટેશન પી આઈ સાળોકે સહિત બગસરા માર્કેટિંગ યાર્ડ ના ચેરમેન કાંતિભાઈ સતાસિયા બગસરા નગર પાલિકા પ્રમુખ જ્યોત્સનાબેન રીબડિયા તેમજ પૂર્વ પ્રમુખ બગસરા શહેર ભાજપ એ.વી. રીબડિયા બગસરા શહેર ના ડો. આનંદભાઈ કામળિયા ડો હર્ષદભાઈ રાદડીયા સાહેબ ડો. નળીયાપરા ડો. ગૌરાંગભાઈ કાપડિયા ડો.ભક્ત ડો.ભાલિયાસાહેબ ડો.આમિરભાઈ ટાંક ડો. રાઠોડ તેમજ બગસરા ના સહકાર ક્ષેત્રે બગસરા મંડળી ના ચેરમેન રશ્વીનભાઈ ડોડીયા મંડળી ના જનરલ એમ.ડી. નિતેશ ડોડીયા તેમજ ઓમ શાંતિ બ્રહ્મ કુમારી નીલમબેન સામાજિક ક્ષેત્રે ના દેવચંદભાઈ સાવલિયા જયશ્રીબેન સાવલિયા પંકજ ગોંગડિયા સહિત ના મહાનુભાવોએ હાજરી આપી આ કાર્યક્રમ નું સંપૂર્ણ સંચાલન બગસરા ખોજા સમાજ ના પ્રમુખ સલીમભાઈ વિરાણી અનેઉપપ્રમુખ અનીશભાઈ વિસાણીએ કરેલ આ કાર્યક્રમ રક્તદાતા ઓ દ્વારા ૫૫ બોટલ રક્તદાન કરવામાંઆવેલ.

રાજુલાના માંડરડીમાં જુગાર રમતા સાત ઝડપાયા

અમરેલી, અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ.શ્રી એ. એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ રાજુલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકિકત આધારે રાજુલા તાલુકાના માંડરડી ગામે ધાતરવડી વાળા રોડ તરફ હેડલી બજારે જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા સાત ઈસમોને જુગાર રમતા રોકડ રકમ તથા જુગાર સાહિત્ય સાથે પકડી પાડી, તમામ શખ્સો સામે જુગારધારા મુજબ ધોરણસર કાર્યવાહી કરી, પકડાયેલ આરોપી જગદીશભાઈ કરશનભાઈ પરમાર, નરેશભાઈ અરજણભાઈ ગોહિલ, ગુણવંતભાઈ નાગજીભાઈ ગોહિલ, રણજીતભાઈ રવજીભાઈ ગોહિલ, હરેશભાઈ હકાભાઈ ચૌહાણ, ધરેશભાઈ કાળુભાઈ પરમાર, વિપુલભાઈ રવજીભાઈ પરમાર તથા મુદામાલ રાજુલા પોલીસ સ્ટેશન માંસોંપીઆપેલછે.

છેહ્વા પાનાનું

વડી-ઠેબી ખાલીખમ

ધીમીધારે અડધો ઈંચ વરસાદ પડી જતા રસ્તાઓ ઉપર પાણી વહેતા થયા હતા અને લોકોએ ઉકળાટમાંથી રાહત મેળવી હતી. જ્યારે રાજુલામાં પણ એકઈંચ જેવો વરસાદ પડી જતા ગામમાં પાણી વહેતા થયા હતાં અને લોકોએ ગરમીમાંથી છુટકારો મેળવ્યો હતો. અમરેલી જિલ્લા ફ્લડ કન્ટ્રોલ રૂમમાં નોંધાયેલ વરસાદનાં આંકડામાં લાઠી ૧૦ મીમી, લીલીયા ૪૨ મીમી, અમરેલી ૧૫ મીમી, ધારી ૩ મીમી, સાવરકુંડલા ૪ મીમી, ખાંભા ૫ મીમી, રાજુલા ૨૦ મીમી, વરસાદ નોંધાયો હતો.

નામ બદલાવેલ છે

આથી હું જોગી અમિત શરદભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ જોગી અમિત શરદકુમાર માંથી બદલાવીને જોગી અમિત શરદભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું જોગી અમિત શરદભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ. સહી : જોગી અમિત શરદભાઇ એડ્રેસ : કૈલાશ એપાર્ટમેન્ટ, કેરીયા રોડ, નાગરીક બેંક પાસે, ગામ : અમરેલી - ૩૬૫૬૦૧, જિલ્લો : અમરેલી

અવસાન નોંધ

મોટા સમઢીયાળા

ખાંભાના મોટા સમઢીયાળા ગામના ધર્મિષ્ઠાબેન વિનોદભાઈ લકુમ તે વિવેકભાઈનામાતુશ્રી અનેઅશ્વિનભાઈતથા રાજેશભાઈના ભાભીનું તા.૧૫ ના રોજ અવસાન થયુ છે.

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૨૧-૦૮-૨૦૨૪ બુધવાર

અનેક દલિત સંગઠનોએ ૨૧ ઓગસ્ટે ભારત બંધનું એલાન કેમ આપ્યું છે...?

સુપ્રીમ કોર્ટે ગયા અઠવાડિયે અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) અનામતમાં બંને સમુદાયની જ્ઞાતિઓને પેટાઅનામત આપીશકાય એવો ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. ૩જજોની બંધારણીય બેંચે ૪ વિરુદ્ધ ૩જજની બહુમતીસાથેના ચુકાદામાં કહ્યું હતું કે, અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) માં ક્રીમી લેયરને અલગ કરવાં જોઈએ. સુપ્રીમ કોર્ટે સાફ શબ્દોમાં કહેલું કે, રાજ્ય સરકારને લાગે કે, એસસી કે એસટી વર્ગની કોઈ જ્ઞાતિ હજી પણ પછાત છે તો તેને ગણતરીમાં લઈને અનામતમાંથી અલગ અનામત આપી શકાય છે. આ ઉપરાંત અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) બંને સમુદાયમાં ક્રીમી લેયરમાં આવનારા લોકોને અનામતનો લાભ ન મળવો જોઈએ. તેનાં બદલે અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) સમાજના ગરીબોને પ્રાધાન્ય મળવું જોઈએ અને તેમને જ અનામતનો લાભ મળવો જોઈએ.

અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) નાં લોકોમાં જે એક વર્ગ સુપ્રીમ કોર્ટના આ ચુકાદાનું સ્વાગત કર્યું હતું પણ મોટા ભાગના રાજકારણીઓને આ ચુકાદો માફક આવ્યો નહીં તેથી તેમણે તેનો વિરોધ કરવા માટે કમર કસી છે. તેના ભારતબંધ છેલ્લા કેટલાક દિવસોથી એસસી-એસટી અનામતમાં પેટા અનામત આપવા સામે સોશિયલ મીડિયા પર ઝુંબેશ ચલાવી રહી છે. સુપ્રીમ કોર્ટનો ચુકાદો અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) સમાજને અપાતી અનામત બંધ કરી દેવાની દિશામાં પહેલું પગલું છે એવો પ્રચાર પણ ચાલી રહ્યો છે. દ્વિવટ્રન પર તોછેલ્લા ચારેક દિવસથી આ મુદ્દો ટ્રેન્ડ કરી રહ્યો છે અને ૨૧ ઓગસ્ટે ભારત બંધનું એલાન પણ અનેક દલિત સંગઠનો દ્વારા અપાયું છે. એસસી અને એસટી અનામતમાં પેટા અનામત સામેના વિરોધની આગેવાની શરૂ કીધેર રીતે સાવ પતી જવાના આરે આવીને ઊભાં રહી ગયેલાં બહુજન સમાજ પાર્ટીનાં માયાવતીએ લીધી છે. માયાવતીએ સુપ્રીમ કોર્ટના ચુકાદાનો વિરોધ કર્યો છે. માયાવતીનું કહેવું છે કે, આરીને અનામત ખતમ કરવાનું કાવતરું ઘડાઈ રહ્યું છે. રાજ્ય સરકારે પોતાના કાયદા માટે કોઈ પણ જ્ઞાતિને પેટા અનામત ફાળવી દેશે તેથી અનામતનો અર્થ જ નહીં રહે. અનુસૂચિત જાતિ (એસસી) અને અનુસૂચિત જનજાતિ (એસટી) સમાજમાં ક્રીમી લેયર સિસ્ટમ દાખલ કરવાના સુપ્રીમ કોર્ટના સૂચનનો પણ માયાવતીએ વિરોધ કર્યો છે. મજાની વાત એ છે કે, માયાવતી પોતે સ્વીકારે છે કે દલિત સમાજમાં માત્ર ૧૦ટકા લોકો જ અનામતનો લાભ લઈ નિવિંગા બન્યા છે. માયાવતીએ કહ્યું છે કે, દલિત સમાજમાં ૧૦ટકા લોકો પાસે પૈસા આવ્યા છે અને એ લોકો ઊંચા હોદ્દા પર પહોંચ્યા છે એવાત સાચી છે પણ તેમનાં બાળકો પાસેથી અનામતનો લાભ છીનવી શકાય નહીં. ભારત માં હજુય જ્ઞાતિવાદી માનસિકતા પ્રવર્તે છે અને લોકોના વિચાર હજી પણ નથી બદલાયા. દલિતો પાસે પૈસા આવવા છતા પણ સમાજમાં એ લોકો સ્વીકૃત નથી એ જોતાં તેમને મળતો અનામતનો લાભ છીનવી લેવાં યોગ્ય ન કહેવાય. માયાવતી ઉપરાંત ચંદ્રશેખર આઝાદ ઉર્ફે રાવણ અને ચિરાગ પાસવાન સહિતના દલિત આગેવાનોએ પણ સુપ્રીમ કોર્ટના ચુકાદાનો વિરોધ કર્યો છે. દલિત સંગઠનો અને નેતાઓનું માનવું છે કે સુપ્રીમનો ચુકાદો ભેદભાવપૂર્ણ છે. સુપ્રીમ કોર્ટે એસસી-એસટીના ક્વોટામાં પેટા ક્વોટા બનાવવાનો અધિકાર રાજ્યોને આપીને દલિતો અને આદિવાસીઓમાં ભાગલા પાડીને પોતાના રાજકીય સ્વાર્થ સાધવાનો તખ્તો ઘડી આપ્યો છે. રાજકારણીઓ તેનો ઉપયોગ પોતાનો સ્વાર્થ સાધવા માટે કરશે અને એ રીતે દલિત તથા આદિવાસી સમાજ પણ વહેંચાઈ જશે. દલિતો અને આદિવાસીઓમાં પણ જ્ઞાતિઓ અને પેટા જ્ઞાતિઓના આધારે વિભાજન પર વિભાજન થયા કરશે ને સરવાળે મતબેંકના રાજકારણની રમત બની જશે. 'આ વાત ખોટી નથી કેમ કે આપણે ત્યાં અનામતનો રાજકીય ફાયદા માટે કઈ રીતે ઉપયોગ કરવો તેમાં રાજકારણીઓ પાવરદ્યા છે જ. દલિત અને આદિવાસી આગેવાનોજે ડર દર્શાવી રહ્યાછે તેનો અમલ વાસ્તવમાં પહેલેથી થઈ જ ગયો છે. બિહારમાં નીતીશ કુમારે દલિતોમાંથી મહાદલિત એવા ભાગ પાડીને ભાગલા પાડ્યો અને રાજ્ય કરોની નીતિ પહેલાંથી અમલમાં મૂકી દીધી છે. ઉત્તર પ્રદેશમાં પણ નિષાદ અને મલ્લાહ સહિતની જ્ઞાતિઓને ઓબીસીમાંથી એસસીમાં લાવીને મતબેંકના ફાયદા માટે ની રમત રમવાનો ખેલ ચાલી જ રહ્યો છે. અત્યાર લગી ચાલાકીઓ કરીને આ ખેલ કરતાં હતો પણ સુપ્રીમ કોર્ટના ચુકાદાને પગલે ખુલેઆમ આ ખેલ ચાલશે એ જોતાં આ ડર સાવ આધાર વિનાનો નથી જ. 'બીજી તરફ માયાવતીએ નિષાદસતાધી સ્વીકાર કર્યો એવાત વિશેપણ વિચારવાની જરૂર છે. દલિતો અને આદિવાસીઓ બંનેમાં ચોક્કસ વર્ગજ અનામતનો લાભ લઈ લઈને આગળ આવ્યો છે. માયાવતીએ પોતે જ કહી દીધું છે કે. દલિતોમાં ૧૦ટકા લોકો એવા છે કે જે અનામતનો લાભ લઈને પૈસાદાર પણ બન્યા છે અને ઊંચા હોદ્દા પર પણ પહોંચ્યા છે. આદિવાસી સમાજમાં પણ આજ સ્થિતિ છે અને ત્યાં પણ જ્ઞાતિ અનામતમાં દલેક ટકા લોકોતો અનામતનો લાભ લઈને ધનિક અને પાવરફુલબન્યા જ છે. આ લોકોને અનામતનો લાભ મળ્યા કરે એ દલિત અને આદિવાસી સમાજનાં લોકોમાટે અન્યાયરૂપછે. અનામતનો લાભ ગરીબ અને પછાત વર્ગનાં સંતાનોને મળવો જોઈએ ને તેના બદલે ધનિક અને ઊંચા હોદ્દા પર બેઠેલાં લોકો લઈ જાય એ યોગ્ય ના કહેવાય. આ સમસ્યાનો ઉકેલ લાવવો જરૂરી છે ને તેના માટે કાનૂની રીતે ક્રીમી લેયર સિવાય બીજો વિકલ્પ નથી. ક્રીમી લેયર નહીં હોય ત્યાં સુધી ધનિક અને પાવરફુલ આદિવાસીઓ પણ અનામતનો લાભ લીધા કરશે ને બંનેસમાજનાં જરૂરિયાતમંદોને અન્યાય થયા કરશે. આ સંજોગોમાં એસસી-એસટી અનામતમાં પેટા અનામત લવાય પણ ક્રીમી લેયર જરૂરી છે જ. આ સમસ્યાનો બીજો ઉકેલ એ છે કે, દલિત અને આદિવાસી સમાજમાં ધનિક અને પૈસાદાર લોકોનો અંતરાત્મા જાગે અને એ લોકો સ્વેચ્છિક રીતે જ હવે પછી પોતે કે પોતાનાં સંતાનો અનામતનો લાભ નહીં લેવાનું જાહેર કરે. એ લોકો પોતાનો અધિકાર છોડશે તોદલિત-આદિવાસીમાંથી ગરીબ પરિવારનાં સંતાનોને વધારે લાભ મળશે ને એ લોકો પણ આગળ આવશે. આ રીતે જે પણ લાભ લેતાં જાય એ બધાં અનામત છોડતાં જાય તો એક સમય એવો આવશે કે દલિત-આદિવાસી સમાજમાં ખરેખર જરૂર છે એ લોકોને જ અનામતનો લાભ મળતો હશે. સવાલ એ છે કે, કુરબાની દેગા કૌન?

ઉચ્છીના પૈસા માંગતા ના પાડતાં

મોટા આગરીયામાં પ્રૌઢા ઉપર હુમલો

ગામના જ શખ્સે માતા પુત્ર ઉપર હુમલો કરી ઇજા કરી

અમરેલી,(કાઇમ રિપોર્ટર)રાજુલા તાલુકાના મોટા આગરીયા ગામે રેખાબેન પોપટભાઇ સોલંકી ઉ.૪૫ના દિકરા દિનેશભાઇ ખેતી કામ માટે સનેડો વાહન લેવા વાડીએ ગયેલ. તે દરમિયાન જજની જાદવભાઇ સાંખટે દિનેશભાઇ પાસે હાથ ઉચ્છીના રૂા.૫૦૦માંગતા પૈસા આપવાની નાપાડતાં રેખાબેનના ઘરે ખપોરના બાઇક લઈ આવી ઘરમાં ગેરકાયદેસર પ્રવેશ કરી દિનેશભાઇને માથામાં પાઇપ વડે મારમારતા નીચે પડી જતાં છાતીમાંપાઇપ વડે બેથામારી માથામાં ૧૦ટાકાની ગંભીર ઇજા પહોંચાડી રેખાબેનને પાઇપ વડે જમણા હાથે અને કપાળે મારમારી ઇજા કર્યાની રાજુલા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવીછે.

અમરેલીમાં વધુ બે કમોતના બનાવો

બ્રહ્મણ સોસાયટીમાં વૃધ્ધાનું પડી જતાં તેમજ કુંડલા રોડે તરૂણીનું વિજશોક લાગતાં મોત

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં દિન પ્રતિદિન કમોતના બનાવોમાં વધારોથઈ રહ્યો છે. જેમાં અમરેલી શહેરમાં બ્રાહ્મણ સોસાયટી વિસ્તારમાં વૃધ્ધાનું પડી જતાં તેમજ સાવરકુંડલા રોડે વાલ્મીકી વાસમાં રહેતી તરૂણીનું વિજશોક લાગવાથી મોત નિપજ્યું હતું. અમરેલીશહેરના બ્રાહ્મણ સોસાયટી સ્વામિનારાયણ નગર-૧માં રહેતાં ત્રિવેણીબેન દયાશંકરભાઇ ભટ્ટ ઉ.વ.૬૫ તા.૧૯-૮ના રાત્રીના લઘુશંકાએ જવા ઉઠેલ હોય અને રાત્રીના હોલમાં પડી જતાં માથામાં ગંભીર ઇજા થવાથી મોત નિપજયાનું હર્ષદભાઇ અશોકભાઇ ભટ્ટે અમરેલી સિટી પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં સાવરકુંડલા રોડ વાલ્મીકી વાસમાં રહેતી દર્શાનાબેન વિપુલભાઇ ધરણીયા ઉ.વ.૧૪ સવારમાં ઘરે પાણી આવતાં પાણીની મોટર ચાલુ કરી તેમાં પાઇપ ફીટ કરતી વખતે વિજ શોક લાગવાથી મોત નિપજયાનું પિતા વિપુલભાઇ ધરણીયાએ અમરેલી સિટી પોલીસ મથકમાં જાહેર કરેલ છે.

બાબરાના કોટડાપીઠા થી વાવડાની સીમમાં જુદી જુદી વાડીઓમાંથી પાંચ મોટર અને કેબલ વાયર ચોરાયાં

કોઇ શખ્સોએ કેબલ વાયર અને મોટરો મળી રૂા.૭૯ હજારનો મુદામાલ ચોરાયો

અમરેલી,(ક્રાઇમ રિપોર્ટર)બાબરા તાલુકાના કોટડાપીઠાથી વાવડા જવાના રસ્તે આવેલ અશ્વિનભાઇ પરશોતમભાઇ ચોવટીયાની વાડીના કુવામાંથી સબમરીશીબલ મોટર સાડાસાત હોર્ષ પાવરની રૂા. ૨૦હજાર તથા સો કુટ જેટલો કેબલ રૂા.૩૦૦૦, બેચરભાઇ ઝાલાવાડીયાની વાડીના દારમાંથી ૬૦૦ કુટ જેટલો કેબલ અને મોટર રૂા.૨૫ હજાર તથા નિલેશભાઇ સાવલીયાની વાડીમાંથી દેડકો મોટર તથા ૭૦ કુટ કેબલ રૂા. ૫૦૦૦ તથા નવીનભાઇ ઝાલાવાડીયાની વાડીના દારમાંથી ૩૦૦ કુટ કેબલ રૂા.૬૦૦૦, જેઠાભાઇ ચોવટીયાની વાડીના કુવામાંથી સબમરીશીબલ મોટર તથા ૧૦૦ કુટ કેબલ રૂા.૧૦ હજાર તથા જેઠાભાઇએ ફાર્મરાખેલ વાડીના કુવામાંથી દેડકો મોટર તથા ૧૦૦ફુટ કેબલ રૂા.૧૦હજાર મળી કુલ રૂા. ૭૯,૦૦૦ના મુદામાલની ચોરી કરી ગયાની બાબરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવીછે.

દેશીદારૂ વહેંચવા અંગે અગાઉ પોલીસને જાણ કરતાં

નાના કણકોટમાં પ્રૌઢ ઉપર હુમલો

પાઇપ અને ટીકાપાટુ વડે મારમારી ફેક્ચર કરી ધમકી આપી

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)

લીલીયા તાલુકાના નાના કણકોટ ગામે વાડીયાભાઇ કાથડભાઇ ખુમાણ ઉ.વ.૫૭ તથા આરોપી રણજીત મંગળુભાઇ ખુમાણ બન્ને કીટુંબીક ભાઇ થતાં હોય. વાડીયાભાઇએ રણજીત દેશીદારૂ વહેંચવા અંગેની પોલીસને અગાઉ જાણ કરેલ અને પોલીસે આરોપીની દુકાને રેઇડ કરતાંજે મનદુઃખ રાખી વાડીયાભાઇની વાડીના કેરે પાઇપ તેમજ ટીકાપાટુ વડે મારમારી જમણા પગમાં ફ્રેક્ચર કરી ધમકી આપ્યાની લીલીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવીછે.

અમરેલી જિલ્લામાં જુગારના બે દરોડા

૯ શખ્સોને રોકડ રૂા. ૨૪ હજાર ઉપરાંતના મુદામાલ સાથે ઝડપી પાડયા

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા બે સ્થળોએ જુગારના દરોડાઓ પાડી ૦૯ શખ્સોને રોકડ રૂા. ૨૪ હજાર ઉપરાંતના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં. જેમાં રાજુલા તાલુકાના માંડરડી ગામમાંઘાતરવડીવાળા રોડ તરફ જાહેરમાં હારજીતનો જુગાર રમતાં જગદિશ કરશનભાઇ પરમાર, નરેશ અરજણભાઇ ગોહિલ, ગુણવંત નાગજીભાઇ ગોહિલ, રણજીત રવજીભાઇ ગોહિલ, હરેશ હકાભાઇ ચૌહાણ, હરેશ કાળુભાઇ પરમાર, વિપુલ રવજીભાઇ પરમારને એલસીબીના પો.કોન્સ. યુવરાજસિંહ વાળાએ રોકડ રૂા. ૧૪,૨૦૦ સાથે તેમજ બાબરા તાલુકાના ગરણી ગામે લાલજી ભીખુભાઇ ચાવડા, શૈલેષ ભીખુભાઇ ચાવડાને પો.કોન્સ. પ્રકાશભાઇ ગરૈયાએ રોકડ રૂા.૧૦,૧૫૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

મોટી કુંકાવાવમાં મંદિરમાં તસ્કારો ત્રાટકયા

છત્તર, પંચ ધાતુના શેશનાગ અને રોકડ મળી રૂપિયા ૨૩ હજારની ચોરી

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)

મોટી કુંકાવાવમાં કોઇ શખ્સોએ મંદિરના ગ્રીલના દરવાજાના નકુચાતોડી મંદિરમાંરાખેલ ચાંદીનું છત્તર થતાં પંચ ધાતુના શેશનાગ અને દાન પેટીમાંથી રોકડ મળી કુલ રૂા.૨૩,૭૦૦ના મુદામાલની ચોરી કરી ગયાની ભાવેશભાઇ બાબુભાઇ માથુકીયાએ વડીયા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવીછે.

અમરેલી જિલ્લામાં ઇંગ્લીશ દારૂના બે દરોડા

બે શખ્સોને ઇંગ્લીશ દારૂ અને બિયર મળી રૂા. ૨૯૭૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા

અમરેલી,(ક્રાઇમ રિપોર્ટર)અમરેલી જિલ્લામાં પોલીસે જુદા જુદા બે સ્થળોએ ઇંગ્લીશ દારૂના દરોડા પાડી બેશખ્સોને ૩ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧૬ ટીન બિયર મળી રૂા. ૨૯૭૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં. જેમાં ધારી તાલુકાના કરમદડી ગામે ખીરસોમનાથના નવાપરા વિસ્તારના ભરત સાર્દુળભાઇ મકવાણાને પો.કોન્સ. મિલનભાઇ મારૂએ ઇંગ્લીશ દારૂ ૭બોટલ રૂા.૧૦૫૦ તેમજ દામનગરના નારણગઢ ગામે દિલીપભાઇ હિરાભાઇ ભીલને પો.કોન્સ. લાલભાઇ પરમારે ૧૬ ટીન બિયર રૂા. ૧૮૨૦ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતાં.

અવસાન નોંધ

અમરેલી

ઔદિત્ય સહસ્ત્ર ઝાલાવાડી સાડાચારસો બ્રાહ્મણ જ્ઞાતિના દિનતાબેન ભાસ્કરરાય ત્રિવેદી ઉ.વ.૮૪ તેસ્વ. શાંતિલાલ દવેના પુત્રી, સ્વ. કનૈયાલાલ દવે, સ્વ. હરિ વલ્લભભાઇ દવે, રોહિતભાઇ દવે, શરદભાઇ દવેના બહેન તથા સ્વ. ભાર્ગભભાઇ દવે, જયેશભાઇ દવે, અંશુમન દવે, ભગીરથ દવે, હિતેષ દવે, નિખીલ દવેના ફઇબા, જલ્પાબેન આચાર્યના માતુશ્રી તથા હેમાંગભાઇ આચાર્યના સાસુનું તા.૧૬-૮ના ભાવનગર મુકામે અવસાન થયેલ છે. સદગતની પિયર પક્ષની સાદડી તા.૨૨-૮ ગુરૂવારનાસાંજના ૪થી ૬ દશાશ્રીમાળી જૈન મહાજનવાડી હવેલી ચોક લાયબ્રેરી રોડ અમરેલી મુકામે રાખેલ છે.

રાજુલામાં પરિણીતા ગુમ

અમરેલી,(ક્રાઇમરિપોર્ટર)

રાજુલા ફોરેસ્ટ કોલોનીની બાજુમાં રહેતી પરિણીતા તા.૧૭-૮ના ઘરેથી કોઇને કહ્યા વગર ગુમ થયાનું પતિએ રાજુલા પોલીસ મથકમાં જાહેર કરેલછે.

અમરેલીમાં સગર સમાજ દ્વારા ભગીરથ જયંતિ ઉજવાઇ

વિદ્યાર્થીઓને મોમેન્ટો અને કિટ આપી સન્માનિત કરાયાં : જ્ઞાતિના વિવિધ આગેવાનોની ઉપસ્થિતિ

અમરેલી,દર વર્ષની જેમ આ વર્ષે પણ સમગ્ર સગર સમાજ અમરેલી.દ્વારા ભગીરથ જયંતિની ઉજવણી કરવામાંઆવી હતી.ગંગા જેવી નદીને આ ધરાતલ ઉપર લાવનાર રાજા ભગીરથ કે જેનાં નામ પરથી 'ભગીરથ કાર્ય 'શબ્દ મળ્યો છે.એવાં દાદા ભગીરથની વરણાંગી આ વર્ષે નિકળી નહોતી. સમગ્ર સમાજે ભેગા મળીને એક જગ્યાએ ભેગાં મળીને ઉજવણી કરવામાં આવી હતી.જેમાં વિદ્યાર્થી સત્કાર સમારોહ તેમજ શૈક્ષણિક માર્ગદર્શન સેમીનાર રાખવામાં આવેલ.શિક્ષણમાં સારાં ટકા લાવનારા સમાજના દરેક વિદ્યાર્થીને મોમેન્ટો અને દક્ષતર આપીને સત્કાર કરવામાં આવેલ.શૈક્ષણિક માર્ગદર્શન માટે આપણાં અમરેલી જિલ્લાના સુરત સ્થિત મોટીવેશન ડો.અંકિતા મુલાણીએ વિદ્યાર્થી,સમાજ, કુટુંબ અને યુવા પેઢીને નજરમાં રાખીને ખૂબ જ સરસ વકતવ્ય આપવામાં આવેલ. સતત બે કલાક સુધી સમગ્ર સમાજને વિચારોથી પ્રભાવિત કરનાર ડો.અંકિતા મુલાણી આજે બરાબર ખીલ્યાહતાં.અનેખૂબપ્રભાવિતથયા હતાં.અમરેલીના રંગપુરરોડ પર આવેલ નિલકંઠ ફાર્મ પણ ટૂંકું પડયું હતું.આ સમગ્ર કાર્યક્રમમાં પ્રશંસનિય સેવા આપનાર ભગીરથ યંગ ગ્રૂપના પ્રમુખ દિલીપભાઈ ભેસાણીયા ઉપપ્રમુખ રસીકભાઈ પાઘર અને સમગ્ર યંગ ગ્રૂપના સભ્યો ખડે પગે રહ્યા હતાં.આ કાર્યક્રમમાં સમાજનાં નામી અનામી વ્યક્તિઓજોડાયા હતાં.કાર્યક્રમપુરોથયેસૌએ સમૂહમાં ભગીરથ મહા પ્રસાદ ગ્રહણ કરી છૂટા પડ્યા હતાં. આ પહેલાં આગલી રાત્રે સગર સમાજની વાડીમાં સત્ય નારાયણ ભગવાનની કથા રાખવામાંઆવેલ.તેમાંપણ બહોળી સંખ્યામાંભાઈઓ અનેબહેનોહાજર રહ્યા હતાં.તેમ કાળુભાઈ ભાડની યાદીમાં જણાવાયું છે.

રાજુલા કોર્ટમાં ફુલ રૂ. ૧૨. ૬૩ લાખનાં અલગ અલગ ચાર ચેક રિટર્ન કેસોમાં આરોપીઓનો નિર્દોષ છુટકારો

આરોપી તરીકે વકીલશ્રી ભાવેશ આર સિંઘવ અને શ્રી અજય. બી. શિયાળની દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી

રાજુલા,(કનુભાઇ વડ)

અલગ અલગ ૪ ચેક રિટર્ન કેસોમાં રાજુલા કોર્ટમાંઆરોપીનો નિર્દોષ છુટકારો થયો છે. કેસ વિગતે જાઈએ તો વર્ષ ૨૦૧૬ માં રાજ માર્કેટિંગ પેઢીમાં ફરિયાદી અને આરોપીઓ ભાગીદાર હતા જેથી ફરિયાદી રૂા નાંઈનામો પેટે રૂ. ૪૩૧૦૦૦/ -તથારૂ. ૪૦૦૦૦૦/-તથારૂ. ૧,૦૫,૦૦૦/ - તથા રૂ. ૩,૨૩,૦૦૦/- આમ કુલ રૂ. ૧૨,૬૩,૦૦૦/- ની રકમ અલગ અલગ ચારચેકથી વસુલવા માટે આરોપીઓનાં ચેકો બેંકમાં જમા કરાવતા. જે ચેકો બાઉન્સ થતા ફરિયાદીએ રાજુલા કોર્ટમાં નેગો. એકટ ૧૩૮ તથા ૧૪૨ મુજબ કેસ કર્યાહતો.જેનાં પક્ષમાં આરોપીએ બચાવ રજૂકરતા જણાવ્યું હતું કે કોરા ચેકનો દુરઉપયોગ કરવામાં આવ્યો છે. તથા આવી કોરી રકમ વસુલાત કરવા માટે ફરીયાદી હકકદાર નથી જે કેસ ચાલી જતા અને બચાવપક્ષના વકીલની ધારદાર દલીલોને ધ્યાનમાં લઈ અને ફરિયાદી આ નાણાં વસૂલવા હકકદાર છે કે નહીં તે ખુલાસો ન કરી શકતા અને પોતાનાં આરોપ સાબિત નહિ કરી શકતા નામદાર કોર્ટ દ્વારા આરોપી રજા માર્કેટિંગ નાં આરોપીઓને નિર્દોષ ઠરાવી આપી છોડી મુકવા હુકમ કર્યો હતો. બચાવપક્ષે વકીલ ભાવેશઆર. સિંઘવ તથા અજયબી. શિયાળ રોકાયેલા હતા.

અમરેલી સારહિ તપોવનમાં ભોજન કરાવાયું

અમરેલી,સેવાને સરનામે ઉમળકા સાથે તા.૦૯-૦૮-૨૦૨૪ નાંરોજ સારહિયુથ કલબ ઓફ અમરેલી સંચાલિત સારહિ તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીશ્રીઓ ની સાથે રહીને સમય વિતાવેલ અને ત્યારબાદ ભોજન પ્રસાદ લઈ ને છૂટ્યા પછેલ ઝાલવાડિયા સહીત નાં ઉપસ્થિત રહેલ,સારહી તપોવન આશ્રમ નાંસ્વપ્રદ્રષ્ટા - પ્રમુખ શ્રી મુકેશભાઇ સંઘાણી અને સમગ્ર સારહી પરિવાર ને શુભકામનાઓ પાઠવી સારહિ પરિવાર વતી હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

ટીંબી માનવસેવા હોસ્પિટલને રૂ.૧ લાખનું અનુદાન અપાયું

ટસા જંકશન ખાતે ભવ્ય ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો

ટીંબી,

ઢસા જંકશન મુકામે તા.૧૧.૦૮.૨૦૨૪ નાંરોજ ગઢડાતાલુકા સમસ્ત બ્રહ્મ સમાજ પરિવાર ઉત્કર્ષ ટ્રસ્ટ આયોજીત એકેડ-મિલન અબેઈનામવિતરણ પ્રસંગે સાદગીભર્યું અને સજણ જીવન નખિવાંહકતાં ભગવત ભકત હોસ્પિટલનાં નિઃશુલ્ક સેવાકાર્યથી પ્રભાવિત એવા આ ટ્રસ્ટનાં પ્રમુખશ્રી જગદિશભાઇ ડી.રાવળ (દંપતી) દ્વારા વ્યકિતગત રીતે ૨.૧,૦૦,૦૦૦/-એકેડ્રીપિયાએકલાખપુરા નાંનગુદાનનાંચેક દર્દીનારાયણનાં હોસ્પિટલનાં હોસ્પિટલનાં ઉપપ્રમુખશ્રી- બી.એલ.રાજપરા બે અર્પણ કરેલ છે. તેઓશ્રીઓનું હોસ્પિટલનાં પ્રણેતા સહદ્ગુરૂદેવ સ્વામી શ્રી ખિર્દોધાનંદ સરસ્વતીજી મહારાજ નીપ્રતિમાંઅર્પણકરીને સન્માનિત કરવામાં આવેલ. આ પ્રસંગે પ્રસિધ્ધ રામાયણ કથાકાર શ્રી શામકૃષ્ણ શાસ્ત્રી - ડુંઢેલી, નિ.ડિસ્ટ્રીકટ મેજીસ્ટ્રેટ શ્રીપરિશીતઠાકર,શ્રી ઘનશ્યામભાઈ વિરાણી, વકિલ શ્રી સંજયભાઈ ઠાકર ઉપરાંત સમસ્ત ગઢડા તાલુકા બ્રહ્મ સમાજ પરિવારો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા.હોસ્પિટલ ટ્રસ્ટીમંડળે દાતાશ્રી તથા તેમનાં પરીવારજનોનો હદયપૂર્વકનો આભાર વ્યકત કરેલછે.પૂ. ગુરૂવતેમનાંસુખ, સમૃધ્ધિ અને લાંબુઆયુષ્ય પ્રદાન કરેતેવીપ્રાર્થના.'

ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

આજનું પંચાગ

તા ૨૧.૮.૨૦૨૪ બુધવાર ,સંવત ૨૦૮૦ શ્રાવણ વદ બીજ , પૂર્વાભાદ્રપદા નક્ષત્ર ,સુકર્મા યોગ, તૈતિલ કરણ , આજે સાંજે ૭.૧૧ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ કુંભ (ગ ,સ,શ) ત્યારબાદ મીન (દ,ચ,ઝ,થ) રહેશે.

ગુરુ મહારાજ મૃગશીર્ષ નક્ષત્રમાં પ્રવેશી ચુકયા છે

શનિ કેતુ ષડાષ્ટક યોગ વચ્ચે પશ્ચિમ બંગાળ, બાંગ્લાદેશ અને અન્ય જગ્યાએથી દુઃખદ સમાચાર મળી રહ્યા છે અને ગુરુ મહારાજ મૃગશીર્ષ નક્ષત્રમાં પ્રવેશી ચુકયા છે જે મૃગશીર્ષમાં ૨૮ નવેમ્બર સુધી રહેનાર છે. મૃગશીર્ષ નક્ષત્રના સ્વામી મંગળ છે અને દેવ સોમ છે. મૃગશીર્ષ નક્ષત્રના જાતકોએ સંબંધને બારીકાઈથી સમજવાની જરૂર હોય છે કેમકે ઘણીવાર મોહ અને પ્રેમ વચ્ચે પાતળી ભેદરેખાછે જે બાબતે મૃગશીર્ષ નક્ષત્રને શ્રાપ છે અને તે સતત કઈ શોધે છે પણ પ્રાપ્તિની ખુશી મળતી નથી અને જે કસ્તુરી મૃગ પાસે શરીર માંજ હોય છે તે જગતમાં શોધે છે જે મૃગશીર્ષ નક્ષત્રના જાતકોએ અંતર્યાત્રા વડે સમજવી જરૂરી હોય છે!! મૃગશીર્ષ નક્ષત્રમાં ગુરુ મહારાજ



બંગાળ, બાંગ્લાદેશથી લઈને બિહાર સુધી કેટલાક અણધાર્યા બનાવ સૂચિત કરે છે વળી અગાઉ લખ્યા મુજબ ભારતના તમામ પાડોશી દેશો કોઈ ને કોઈ રીતે મુશ્કેલીમાંઆવી રહ્યા છે તો આ સમયમાં ઘણા પરિવર્તનો અને આંદોલન અને વિશ્વને વિચારતા કરી મૂકે એવા બનાવોની શૃંખલા સર્જાશે! ગુરુ મહાજ મૃગશીર્ષ નક્ષત્રમાં પરિવાર ભાવના અને કુટુંબ વ્યવસ્થામાં મોટા ફેરફાર સર્જે છે તો વિદેશ તરફ જે વણથંભ્યો પ્રવાહ ચાલ્યો છે તેમાં રુકાવટ લાવનાર બનશે વળી શેરબજાર માં પણ સંભાળીને ચાલવા જેવો સમય છે કેમ કે હજુ ઘણા આર્થિક કીમાંઓના ખુલાસા થવા બાકી છે. મૃગશીર્ષ નક્ષત્રમાં ગુરુનું રાશિવાર ફળ કથન હવે ના અંકમાં આપીશ.

મેષ (અ,લ,ઈ) : મનમાં અન્ય પ્રત્યે અભાવ આવી શકે છે પરંતુ નકારાત્મક વિચારો ટાળવા સલાહ છે,દિવસ મધ્યમ રહે.

વૃષભ (બ,વ,ઉ) : ઉતાવળે કાર્ય નહિ કરી શકો ધીમી પ્રગતિ જોવા મળે,કામકાજમાં સફળતા મળે.

મિથુન (ક,છ,ઘ) : સંઘર્ષ પછી સફળતા મળે, ધંધો રોજગાર શોધતા મિત્રો માટે શુભ,પ્રગતિકારક દિવસ.

કર્ક (ડ,હ) : તમેકરેલા કાર્યના સારા પરિણામ મેળવી શકશો, પોઝિટિવ વિચારોથી આગળ વધશો તો અવશ્ય કાર્યસિદ્ધિ મળશે.

સિંહ (મ,ટ) : અટવાયેલા કાર્ય પૂર્ણ થાય, કોર્ટ કચેરીમાં સારું રહે, ઘણા સમય થી રાહ જોઈ રહ્યા હોય તેવી બાબતો સામે આવે.

કન્યા (પ,ઠ,ણ) : લાગણીના સંબંધોમાં સારી અનુભૂતિ થાય ,અંગત સંબંધોમાં સારું રહે, મનની વાત વ્યક્ત કરી શકો.

તુલા (ર,ત) : સવાર બાજુ ઠોડયામ રહે,સાંજ ખુશનુમા લીધે, ઈચ્છીત પરિણામ મેળવી શકો, શુભ દિન.

વૃશ્ચિક (ન,ય) : ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રોને સારી તક પ્રાપ્ત થાય, વિદેશ જવા માંગતા મિત્રોને પણ વાત આગળ વધે!.

ધન (ધ,ભ,ફ,ઢ): આધ્યાત્મિક ચિંતન થાય,મનોમંથન કરી શકો, સત્સંગથી સંશયો દૂર થાય , શુભ દિન.

મકર (ખ,જ) : વિલંબ થી પણ તમને કાર્ય માં સફળ

રાજુલામાં ગાંઠીયામાં ભાવ બંધણુ કરો

રૂા.૧૮૦ના કિલો ગાંઠીયા લેવા લોકોની ભીડ જામી

રાજુલા,તહેવારોને ધ્યાનમાં લઈ રાજુલાના વેપારી એક જ દુકાનદારે કિલ્લો ગાંઠિયાના ૧૮૦ વેચતા ખરીદનાર ગ્રાહકોની ભારે ભીડ છતાંઅન્યદુકાનોએ૩૦૦લેવાતારોષરાજુલા કેસરીનંદન હનુમાન બાજુમાં મેન બજારમાં આજે ગાંઠિયાની નવી દુકાન શરૂ કરતાં અને ફાફડામાત્ર ગરબે ગરમ શુદ્ધતેલમાબનાવતા અનેવેચાણકરતાકિલોનાભાવ૧૮૦માંગરમ ગાંઠિયા મળતા હોવાથી તેમજ ફાફડા ગાંઠિયા પણઆજભાવમાંમળતાતહેવારોમાંબાદુકાને ગાંઠિયા લેવાનો વારો આવતો નથી એવી પરિસ્થિતિનિર્માણથઈછેઆઅંગેચેમ્બરના પ્રમુખમાજીશ્રીબકુલભાઈજણાવ્યુંકેરાજુલાના આ વેપારી ઘેલાભાઈ ફરસાણ તહેવારોને ધ્યાનમાં લઈ અને ગરીબ માણસોને પરવડે તે માટે ખાસ ૧૮૦ માં ગાંઠિયા વેચવાનું નક્કી કરતા આજે ગાંઠિયાની ઘરાકી વધી રહી છે વધુમાં બકુલભાઈએ જણાવ્યું કે તહેવારોને ધ્યાનમાં લઈ અન્ય વેપારીઓ પણ જે ૩૦૦ રૂપિયાસુધીલેતાહોયછેતેમણેપણસસ્તાભાવે કરવો જોઈએઆપ્રશ્ન ગાંઠિયા ખરીદનાર કેવું છે કે અન્ય દુકાનોમાં ભાવ વધારો હોવાથી મામલતદાર દ્વારા અન્ય વેપારી ફરસાણના વાળા ની મીટીંગ કરી મીઠાઈ નો ભાવ ઘટાડો કરવા અન્ય ગ્રામજનો વેપારીઓની પણ માંગણી છે.

જૂની પેન્શન યોજના અમલની માંગણી સાથે

અમરેલી સહિત રાજયભરના શિક્ષકોના ગાંધીનગરમાં ધરણા

અમરેલી જિલ્લામાંથી મોટી સંખ્યામાં હોદેદારો સહિત શિક્ષકો ધરણાના કાર્યક્રમમાં જોડાયા

અમરેલી,
અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક સંઘના રાજયના અધિકારીશ્રીભાભલુભાઈવરુનદા અમરેલી જિલ્લાના અધ્યક્ષ વિજયભાઈ મકવાણા તથા મહામંત્રી મહેન્દ્રભાઈ કાઠીયા આગેવાનીમાં જોડાયા. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહા સંઘ ના જેમા હેઠળ અમરેલી જિલ્લાના શિક્ષકો સહિત રાજયના તમામ સંવર્ગ ના કર્મચારીઓ ગાંધીનગરમાં એકત્ર થયા હતા. અમરેલી જિલ્લાના પનોતા પુત્ર ભાભલુભાઈ વરુએ પોતાની આગવી શૈલીમાં સભાને સંબોધતા સરકાર ઝડપથીઆમાંગણીસ્વીકારશેએવા આશાવાદ સાથે ધરણા કાર્યક્રમમાં વિરાટ આંદોલનમાંશિક્ષકોકેઝુયુઅલ મૂકી જોડાયા હતા. તેની સરાહના કરી ઉપરાંત અખિલ રાષ્ટ્રીય શૈક્ષિક મહા સંઘ ના રાષ્ટ્રીય સચિવ અને ગુજરાત પ્રાંતના અધ્યક્ષ ભીખાભાઈ પટેલ એ જણાવ્યું હતું રાજય સરકાર દ્વારા થયેલા સમાધાન અનુસાર અત્યાર સુધીજૂની પેન્શન યોજના ને લઈનેઠરાવબહારપાડવામાં આવ્યો ન હોવાથી શિક્ષકોમાં આક્રોશ કેલાયો છે. જેને લઈને મહાસંઘ દ્વારા આંદોલનની જાહેરાત કરાઈ હતી. તો સરકાર માંગણી ન સંતોષે તો આંદોલન છે ચવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે. બીજી તરફ મંજૂરી આપવામાં આવી ન હોવા છતાં શિક્ષકોએ સગત ગરમી અને તડકામાં ધરણા યોજી ઉત્તમ ઉદાહરણ પૂરું પાડેલ. વધુમાં ભીખાભાઈ પટેલે જણાવ્યું હતું કે શિક્ષકોને જૂની પેન્શન યોજના નો લાભ તે માટે અગાઉ મહાપંચાયતનું આયોજન કર્યુ હતું. અગાઉ ગૃહ મંત્રી હર્ષ સંઘવીએ એમના બંગલે બોલાવીનેઠરાવકરવામાટેઆશ્વાસનઆપ્યું હતુંઆજરાણાબાદસરકાર ૨૧ ઓગસ્ટ સુધી માં પોઝિટિવ રિસ્પોન્સ નહીં આપે તો ગાંધીનગર મુકામે દરરોજ બે જિલ્લાના કર્મચારીઓધરણામાંબેસશે.સરકારઝડપથી જૂની પેન્શન યોજના માટે ઠરાવ તેવી અમારી માંગછે.

રાજુલાના વાવેરામાં પોલીસનો લોક દરબાર યોજાયો

પીઆઇશ્રી ઇન્દુબા ગીડા, શ્રી નવઘણભાઇ અને લાલભાઇ સહિતની ઉપસ્થિતિ

રાજુલા,રાજુલા શહેરના કાર્યદક્ષ અને લોકપ્રિય પોલીસ ઈન્સ્પેક્ટર (PI) ઈન્દુબા ગીડા તેમજ એ.એસ.આઈ. નવઘણભાઈ તેમજપોલીસકોસ્ટેબલલાલભાઈ તેમજ અને પંકજભાઈ બગડા દ્વારા આજ રોજ વાવેરા ગામે એક વિશિષ્ટ પોલીસ લોક દરબારનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ ગામના લોકોને પોલીસપ્રત્યેની સકારાત્મક દ્રષ્ટિ વધારવાનો, તેમના પ્રશ્નોને સમજીને તેનો ઝડપી ઉકેલ લાવવાનો અને સમાજમાં શાંતિ અને સલામતીનું માહોલ બનાવવાનોહતો.આલોક દરબારમાંગામના વિવિધ લોકો, વિવિધ અને વ્યવસાયના લોકો જોડાયા હતા. રાજુલા p.i. ઈન્દુબા ગીડાએ તમામ લોકોનીસમસ્યાઓનેખૂબધીરજઅને સમજ્થથી સાંભળીને તેનો ઉકેલ લાવવાનો પ્રયત્ન કર્યો. લોકોમાં તેમની કાર્યક્ષમતા અને નિષ્ઠા માટે ગાઢ આદર અને વિશ્વાસ જોવા મળ્યો. આ લોક દરબાર દરમિયાન, ઈન્દુબા ગીડાએ ગામના લોકો ને તેમના વિસ્તારની સુરક્ષા,માટે ખેતીવાડીમાં વસવાટ કરતા મજૂરો આધાર કાર્ડ અને મોબાઈલમાં કોટો ખાસ રાખવા જણાવ્યું હતું તેમજ સીમ અને ગ્રામ્યવિસ્તારમાંખુલ્લાકુવાઓએનેબોરમા અકસ્મિક ઘટનાઓ ન બને તે માટે ખાસ કાળજી લેવા જણાવ્યું હતું તેમજ ટ્રાફિકોના નિયમનું પાલન કરવા જણાવ્યું હતું. સાઈબર કાઈમથી બચવા ના વિવિધ ઉપાયો અંગે લોકોમાં જાગૃતિ તે અંગેનું માર્ગદર્શન આપ્યું હતું તેમજ પોલીસ સાથેના લોકોના અનુભવ, અને બીજા મહત્વના મુદ્દાઓ પર ચર્ચા કરી. તેમણે લોકોને જાગૃત રહેવા અને કોઈ પણ સંદિગ્ધ પ્રવૃત્તિ કે વ્યક્તિ અંગે પોલીસને તાત્કાલિક જાણ કરવા માટે જણાવ્યું હતું . ઉપરાંત, ગામના લોકોના અનુરોધ મુજબ કેટલાક વિસ્તાર માં સુરક્ષા સંબંધિત સીસીટીવી કેમેરા જણાવ્યું હતું.આ પ્રસંગે, વાવેરા ગામના સરપંચ શ્રી સદસ્યશ્રીઓ તેમજ વિશાળ સંખ્યામાં વાવેરા ગ્રામજનો હાજર રહ્યા હત તેમણે ગામવાસીઓને રાજયના કાયદાઅને વ્યવસ્થાને જાળવવામાં મદદરૂપ થવા માટે અપીલ કરી. ઈન્દુબા ગીડાની આ પહેલને ગ્રામજનોએ ખૂબ સકારાત્મકપ્રતિસાદ આપ્યો, અનેતેઆગામી પણ આવા કાર્યક્રમો દ્વારા લોકોના પ્રશ્નોને સાંભળીને યોગ્ય લાવવાની અપેક્ષા વ્યક્ત કરી. આ લોક દરબારનું આયોજન એક મહત્વપૂર્ણપગલું ગણાવીશકાય, જેમાંલોકોએ તેમના પ્રશ્નોનો ન્યાય અપાવવા પોલીસ પર વિશ્વાસ વધ્યો. છે તેમજ રાજુલા પોલીસ સ્ટેશન ના સ્ટાફ p.i. ઈન્દુ બા ગીડા એ સંભાળ્યો.ત્યારથી આવિસ્તારમાં લોકોશાંતિ અને સલામતી નો અહેસાસ કરી રહ્યા છે.

રાજુલાના અખબાર વિતરક અને સેવાભાવી બાલાભાઇ ભટ્ટની બીલીપત્ર સેવા

શ્રાવણ માસમાં ઘેર ઘેર બીલીપત્ર પહોંચાડી શિવભક્તિ દાખવતાં શ્રી બાલાભાઇ

રાજુલા,

રાજુલા શહેરમાં શ્રાવણ મહિનો ધાર્મિક લોકો દરેક મંદિર માં શિવજીની લિંગ પર બીલીપત્ર ચઢાવવા જાય છે અને બીલીપત્રનો અનેરો મહિમા હોવાથી લોકો બીલીપત્ર વેચાતા લેવા દુકાનો ઉપર જાય છે પરંતુ રાજુલામાં એક સામાન્ય આદમી ની ધાર્મિક લાગણી દેખીહોયછે તેનોઅનોખોસેવા જોઈએ તો જોઈએ તો અનોખી સેવાછે રાજુલા નગરપાલિકાના પૂર્વ કર્મચારી હાલના તમામ અખબારોના છૂટકે વેચાણ કરતા બાલાભાઈ ભટ્ટ દરરોજ બપોરના સમયે ખાલી થેલાઓ લઈ અને બીલીપત્રક નું વૃક્ષ હોય છે જે વૃક્ષ દિલીપત્રકનું કાંટાળુ વૃક્ષ પણ હોય છે બિલીપત્રક ઉતારતી વખતે કાંટા પણ વાગે છે તેમ છતાં બાલાભાઈ ભટ્ટ ત્યાં જઈ અને બિલીપત્રક ગમેતેમ કરી ઝાડ ઉપર ચડી પણ બીલીના પાંદડા ત્રિપા ખ્યા પંચમુખી પાંદડા લઈ અને ઘરે જઇ ફ્રી માંદેવા જાય છે એ પહેલા અને પછી તેના પ્લાસ્ટિક માં કે કાગળમાં બાંધી સાંજના સમયે સોસાયટીઓમાં શિવ ભક્તો હોયતમનેફ્રીમાંદેવા જાયછે સો જેટલા લોકોને ફ્રી માં પાંદડા દેવા નું ભગીરથ કાર્ય કરી રહ્યા છે ભટ્ટ કે છે કે પૂજા કે શિવજી ના દર્શન કરી જાય તો વાંધો નહીં પરંતુ મારા બિલીપત્રક જે લોકો ને હું આપું છે તે શિવજીને સડાવવા જાય છે જે મારા માટે મોટું ભગવાન તરફથી મોટું જમા પાસુ છે કેઆ ઉમરે પણ હું સાયકલલઈ અને હાથ પગ હાલે છે ૨૫ વર્ષે પણ હું આ સેવા કરી શકું છું એ ભગવાન શંકરની મારા ઉપર કૃપા છે આમ બાલાભાઈ ભટ્ટ સવારના છ થી ૧૨:૦૦ વાગ્યા સુધી બજારો યાર્ડમાં ન્યુઝપેપર વેચવાનું કામ કરે છે બપોરે બે ત્રણ કલાક જ ઘરે રહી અને ત્રણ કલાકે બપોરના બેકલાક બિલિપત્ર ઉતારે છે એક બનતા થાય અને સાંજે સાઇકલ લઈ બીલીપત્ર ફ્રીમાં ધાર્મિક જનતાને પડીકા વાળી પહોંચતા કરે છે આમ એક નિવૃત્ત કર્મચારી આ ભગીરત્કાર્ય કરતા રાજુલાશિવભક્તોતથા તથા જન્માષ્ટમી ઉત્સવ સમિતિ તથા બાજપ દ્વારા તથા વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દ્વારા ગત વર્ષે બાલાભાઈ નું સન્માન કર્યુંહતું આ વર્ષે પ્રથમ દિવસેજ રાજુલા ચેમ્બર ઓફ કોમર્સ ના પ્રમુખ ગૌરાંગભાઈ મહેતાને દુકાને કુલ અર્પણ કરતા શ્રી ગૌરાંગભાઈ એ પણ રાજીપો વ્યક્ત કર્યો હતો.

જાફરાબાદમાં શ્રી કરણભાઇ પટેલના પરિવારને સાંત્વના પાઠવા મંત્રીશ્રી પરશોતમભાઇ સોલંકી

જાફરાબાદ ખાતે સ્વર્ગસ્થ કરણભાઈ પટેલના દુઃખદ અવસાન થી પશુપાલન મંત્રી પરષોત્તમભાઈ સોલંકી પણ સાત વન પાઠવવા આવ્યા હતા અને પરિવારને સાંત્વના પાઠવી હતી. તે વેળાની તસ્વીરમાં નજરે પડે છે.

રામકથા પ્રેમ યજ્ઞ છેઃ પુ.મોરારિબાપુ

ઇન્ડોનેશિયામાં માનસ સમુદ્રાભિષેક રામકથાના ત્રીજા દિવસે મેદની ઉમટી

ત્રીજા દિવસની કથામાં ભારતીય રાજદૂત સંદિપ ચક્રવર્તીની ઉપસ્થિતિ

રાજુલા,
તા ૧૯-૮-૨૪ યોગ કર્તા -

